**::::અગત્યનું ::::**

કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત સીનીયર સ્કેલ, સીલીકશન ગ્રેડ,સહ પ્રાધ્યાપક (પી),પ્રાધ્યાપક(પી) ના મંજુર થયેલ પગાર ધોરણોની પગાર ચકાસણી (ઓડીટ) કરવા બાબત.

વંચાણમાં :- (૧) નામ.સરકારશ્રીના નાણા વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૨૬.૮.૨૦૧૯ના પત્રક્રમાંક પગર/ ૧૦/૨૦૧૯/ઓ.૨૬૪/પગાર એકમ

## :::: પરિપત્ર ::::

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક સંવર્ગમાં ફરજ બજાવતા શિક્ષકોના નામ.સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ ગાંધીનગર ના તા.૧.૪.૨૦૧૦ ના ઠરાવથી છઠ્ઠા પગાર પંચની ભલામણોના આધારે રાજયની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગ પગાર ધોરણો અમલમાં આવતા છઠ્ઠા પગાર પંચ મુજબ કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા શિક્ષકોનો સીનીયર સ્કેલ સીલેકશનગ્રેડ, સહ પ્રાધ્યાપક(પી) તથા પ્રાધ્યાપક (પી)ના પગારધોરણો નિયમોનુસાર મંજુર કરવામાં આવેલ હતા. ઉપરોકત વંચાણમાં લીધેલ ક્રમ-૧ના પત્રથી જારી કરવામાં આવેલ સૂચના મુજબ પગારબાંધણીની ચકાસણીની કામગીરી **હિસાબી અધિકારીશ્રી,પગાર ચકાસણી એકમ (PVU) હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી ગુજરાત રાજય ગાંધીનગર**ની કચેરીએ કરવાની હોય તે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે. જેને ધ્યાનમાં લઈ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓએ તેમના તાબા હેઠળ ફરજ બજાવતા શિક્ષક સંવર્ગના કર્મચારીઓના કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત સીનીયર સ્કેલ, સીલેકશનગ્રેડ, સહ પ્રાધ્યાપક(પી) તથા પ્રાધ્યાપક (પી) **(સ્ટેજ-૧ થી સ્ટેજ-૫ સુધીના તમામ)**ના પગાર ધોરણો મંજુર કરવામાં આવેલ છે તેની પગારબાંધણીની ચકાસણી **હિસાબી અધિકારીશ્રી,પગાર ચકાસણી એકમ (PVU) હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીએ કરાવવાની કાર્યવાહી કરવાની આથી સૂચના આપવામાં આવે છે,તેમજ હવે પછી પગારબાંધણીના દરેક કિસ્સામાં પગાર ચકાસણીની કાર્યવાહી પરિપત્રમાં જણાવ્યા મુજબની કરવાની રહેશે**.

પ્રસ્તુત પરિપત્ર આ શાખાની નોધ ફાઈલ ઉપર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવીને જારી કરવામાં આવે છે. તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧/**૧૭૮૯૯-૧૭૯૪૮**/૨૦૧૯
નવસારી **તા.૨૬.૧૧.૨૦૧૯**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ સારુ.**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ
(૨) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ
(૩) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કોલેજો/પોલીટેકનીકના ડીનશ્રીઓ /આચાર્યશ્રીઓ
(૪) હિસાબ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી

**નકલ રવાના**

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી
(૨) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી